




# કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ આપવાનો ગાંધીનગરમાં પ્રારંભ

રાજ્યમાં ફ્રન્ટ લાઈન વર્કર્સ, હેલ્થ વર્કર્સ તથા ૬૦ વર્ષથી વધુની આયુના અને અન્ય બિમારી ધરાવતા વયસ્કોને કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ આપવાનો સોમવાર તા. ૧૦ મી જાન્યુઆરીથી પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ફ્રન્ટ લાઈન વર્કર્સ અને વરિષ્ઠ નાગરિકોને કોરોના વેક્સિનના પ્રિકોશન ડોઝ આપવાના આ પ્રારંભ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના સેક્ટર-૨૯ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં આવા પ્રિકોશન ડોઝ માટે પાત્રતા ધરાવતા અંદાજે ૯ લાખ લોકોને આજે પ્રથમ દિવસે રાજ્યભરના ૩૫૦૦ રસીકરણ કેન્દ્રો પરથી અંદાજે ૧૭ હજારથી વધુ આરોગ્ય કર્મીઓ આ ડોઝ આપવાના છે. મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાનગરપાલિકાના રસીકરણ કેન્દ્રની મુલાકાત દરમ્યાન આરોગ્ય કર્મીઓ અને વેક્સિન લેનારાઓ સાથે વાતચીત કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડેડી, હું તમારી જેમ પતંગ બતંગ ઊડાડવામાં માનતો નથી... પતંગ માટે જે બજેટ હોય તેટલાનું રીચાર્જ કરાવી દેજો...!!

# ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડ ચાલતું હોવાનો યુવરાજસિંહનો દાવો

### નોકરી માટે સગાવાદ સાથે પધ્ધતિસરનું આયોજન કરાતું હોવાનો દાવો : ૧૬ લાખના ભાવ સાથે ઉમેદવારોને પાંચ ફોર્મ ભરાવી નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા અપાવાઇ જેના અમારી પાસે પુરાવા : યુવરાજસિંહ

ગાંધીનગર, તા.૧૦

આજે ગાંધીનગરમાં અખબાર ભવનખાતે આંદોલનકારી અને આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહે ઉર્જાવિભાગ ભરતી કૌભાંડમાં યુવરાજસિંહે જણાવ્યું કે, ઉર્જા વિભાગમાં ભરતીમાં સગાવાદ ચાલતો હોવાના તેમજ નોકરી માટે ૧૬ લાખનો ભાવ ચાલતો હોવાનો આક્ષેપ કર્યો છે. યુવરાજસિંહે વિભાગમાં નજીકના સંબંધીઓને નોકરી અપાવવાના કૌભાંડનો સુત્રધાર અરવિંદ પટેલ હોવાની વાત કહેતા જો તેના કોમ્પ્યુટર જપ્ત કરવામાં આવે તો બધી પોલ ખૂલી શકે છે તેવો ધડાકો કર્યો છે. આ સાથે તેણે પોતાની પાસે આ ભરતી કૌભાંડ અંગેના તમામ આધાર પુરાવા હોવાનો પણ દાવો કર્યો છે.

આજે યુવરાજ સિંહે જણાવ્યું હતું કે 'ઉર્જા વિભાગની ભરતીમાં સગાવાદ અને લાગવગ સાથે કૌભાંડ ચાલી રહ્યું છે. આ કૌભાંડમાં પરિવારવાદ, ઓળખાણવાદ સાથે પોતાના નજીકના સગા-સંબંધીઓને નોકરીએ લગાડવાનું આયોજનબદ્ધ કાવતરું કરવામાં આવી રહ્યું છે અને કાવતરાના ભાગરૂપે ઉર્જા વિભાગમાં આખો પરિવાર નોકરી મેળવી ચુક્યો છે.' આ કૌભાંડમાં એક પ્રાથમિક શાળાના શિક્ષક દિલિપ ડાહ્યાભાઈ પટેલ સહિત ૪૦થી ૫૦ જેટલાં સગાસંબંધીઓને ઉર્જા વિભાગમાં નોકરી અપાવી છે જે અંગેના તમામ પુરાવાઓ અને જે વ્યક્તિઓ આ રીતે નોકરીએ લાગી ગયા છે તો કોના થકી લાગ્યા તેના પણ ઓડિયો રેકોર્ડિંગ સહિતના આધાર પુરાવા તેમની પાસે હોવાનો યુવરાજસિંહે દાવો કર્યો હતો.

આપ પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહે તાજેતરમાં જ ટ્વીટ કર્યુ હતું કે 'પિક્ચર અભી બાકી હે મેરે દોસ્ત.. વ્યાપમ નહીં મહાવ્યાપક' જેના પગલે લાગી રહ્યું હતુ જે કે તેઓ કઈક મોટો ખુલાસો કરશે. આજે સે.૧૧માં અખબાર ભવન ખાતે યુવરાજસિંહે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે 'હાલ રાજ્યમાં ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડ ચાલી રહ્યું છે, જેમાં જે વ્યક્તિઓ કૌભાંડ કરી રહ્યા છે, તેમાં પરિવારવાદ, ઓળખાણવાદ અને નજીકના સગા સબંધીઓને લગાડવાના એક સુયોજિત કાવતરું કરવામાં આવ્યું છે. એક એક ઉમેદવાર પાંચ પાંચ ફોર્મ ભરે છે જેના આધારે ઉમેદવારોને નિયત કરેલી જગ્યાએ પરીક્ષા અપાવાય છે. આ કૌભાંડના સુત્રધાર કૌભાંડીઓ પાસે મોટી સંપત્તિ છે. અરવિંદ પટેલ નામના શખ્સે ઉર્જા વિભાગમાં તેના નજીકના સંબંધીઓને નોકરી અપાવી છે અને તે માટે તેમણે ૧૬ લાખની રકમ પણ વસુલી છે જે બાબતના પુરાવા અમારી પાસે છે.'

યુવરાજસિંહે આરોપ લગાવતા જણાવ્યું હતું કે, રાજ્યના ઉર્જા વિભાગની કંપનીઓ યુજીવીસીએલ, પીજીવીસીએલ, ડીજીવીસીએલમાં આ રીતે ગેરરીતિથી પાસ થયેલા કર્મચારીઓ ફરજ બજાવી રહ્યાં છે. આ કૌભાંડમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમના અધિકારીઓની તેમજ ૧૧ ઉમેદવારોની સામેલગિરી છે. આ બાબતે ધવલ પટેલ, કૃશાંગ પટેલ, રજનીશ પટેલ, આંચલ પટેલ પર આરોપ છે અને રાહુલ પટેલ, પ્રદીપ પટેલ, ધ્રુવ પટેલ પર પણ આક્ષેપ છે, જ્યારે બાબુ પટેલ, જીગીશા પટેલ પર ગેરરીતિથી પાસ થવાનો આરોપ છે. યુવરાજના જણાંવ્યા અનુસાર આ કૌભાંડમાં શરૂઆતમાં ટોકન અને ત્યારબાદ બાકીની રકમ આપવાની પદ્ધતિ અપનાવાય છે જેના ઓનલાઈન ટ્રાન્ઝેક્શનના પુરાવા પણ હોવાનો દાવો યુવરાજસિંહે કર્યો છે.

## ખૂણેખાંચરેથી

- મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઈ ભંડેરી કોરોના પોઝીટીવ થયા છે.
- પૂર્વમંત્રી કુંવરજી બાવળિયાનો રિપોર્ટ પણ કોરોના પોઝીટીવનો આવ્યો છે.
- ઉત્તરાયણમાં ચાઈનીઝ દોરીને લઈ જિલ્લાતંત્રએ પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે.
- કમોસમી વરસાદને પગલે મરચા અને ટામેટાંની ખેતીને નુકશાન થયુ છે તેમજ રોગે પણ દેખા દેતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં બુસ્ટર ડોઝ કોરોનાના પ્રતિકાર માટે આજથી શરૂ થયો છે જેને પ્રથમ દિવસે સારો પ્રતિસાદ સાંપડ્યો છે.
- મહાનગર ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા પ્રધાનમંત્રી મોદીના જીવને જોખમમાં નાખવાના પંજાબની કોંગ્રેસ સરકારે કરેલા દુષ્પયાસના વિરોધમાં આજે મૌન ધરણા યોજ્યા હતા.
- ગાંધીનગર શહેરનું તીવ્ર ઠંડીને કારણે જનજીવન થોડુંક ખોરવાયુ હતુ.
- કર્મચારીઓને મકાન મરામત/વિસ્તરણ માટેની પેશગીની મર્યાદા વધારીને રૂ. ૧૦ લાખ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે જેને કર્મચારીઓએ આવકાર્યો છે.
- રાજ્ય સરકારે નવ સનદી અધિકારીઓની બઢતી-બદલીના હુકમો આજે જારી કરેલ છે. ૨૦૦૬ ની બેચના અધિકારીઓને બઢતી આપવામાં આવી છે ત્રણ અધિકારીઓની બદલી કરાઈ છે.
- ગાંધીનગર શહેરમાં માસ્ક નહિ પહેરનારાઓ સામે દંડનીય કાર્યવાહી પોલીસ તંત્ર દ્વારા આજથી શરૂ કરાઈ છે.

## સ્વ.એચ. બી. વરિયાની અંતિમ યાત્રા આજે સવારે સે. ૨૭થી મુક્તિધામ જશે

ગાંધીનગરના સેવાભાવી, પ્રકૃતિ - પર્યાવરણ પ્રેમી, કૈલાસ યાત્રી, નિવૃત્ત સનદી અધિકારી, લેખક, નિષ્કામ કર્મયોગી શ્રી એચ. બી. વરિયાનું તા. ૮-૧-૨૦૨૨ ના રોજ હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું હતું. સ્વર્ગસ્થની અંતિમયાત્રા એમના નિવાસસ્થાનેથી ૬૦૮, એકતા કોલોની, સેકટર - ૨૭, ગાંધીનગર થી તા.૧૧-૧-૨૦૨૨ ના રોજ સવારે ૮-૦૦ વાગે મુક્તિધામ, સેકટર - ૩૦ જવા માટે નીકળશે.

# આંગણવાડી બહેનો દ્વારા પડતર પ્રશ્નો મુદ્દે મહિલા બાળ વિકાસ કમિશનરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૦

આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોને માત્ર મામુલી માનદ વેતન ચુકવી કામનું ભારણ વધારી ભયંકર શોષણ કરવામાં આવે છે. આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોની ૧૦ થી વધુ માંગણીઓ છેલ્લા કેટલાક સમયથી પેન્ડીંગ છે. સચિવાલય ખાતે અનેકવાર રજુઆત કરવા છતા યોગ્ય ન્યાય ન મળતા આંગણવાડી બહેનોએ આજે મહિલા અને બાળ વિકાસ કમિશનને લેખિત આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. આ પ્રસંગે રાજયભરમાંથી આંગણવાડી બહેનો હાજર રહી હતી.

આંગણવાડી કર્મચારી સભા ગુજરાતના નેજા હેઠળ કાર્યકર-તેડાગર બહેનો પોતાની પડતર માંગણીઓનો ઝડપી ઉકેલ આવે તેમ ઈચ્છે છે. ત્યારે આંગણવાડી તેડાગર બહેનોની માંગણીઓમાં મુખ્યત્વે આંગણવાડી બહેનોને ત્રીજા-ચોથા વર્ગના કર્મચારી જાહેર કરી લઘુતમ વેતન આપી સરકાર દ્વારા તમામ લાભ આપવા, ખાનગીકરણ બંધ કરવું, પ્રાથમિક શાળાની સાથે રજાઓનો લાભ, સરકારી નોકરીયાતનો દરજજો આપવો, વયનિવૃતિની વય ૬૨ કરવી અને પેન્શન આપવું, મોબાઈલ કે રજીસ્ટ્રર બંન્નેમાથી એક આપવું, આંગણવાડીમાં નાસ્તામાં સુખડીના બિલો, દળામણના બિલો એડવાન્સ આપો, મીની આંગણવાડીને સામાન્યમાં ફેરવો, આંગણવાડી કાર્યકર તેડાગર બહેનોને બદલીનો લાભ આપો સહિતના પ્રશ્નો છે. સરકાર સમક્ષ અનેકવાર લેખિત રજુઆતો આંગણવાડીની બહેનો દ્વારા પોતાના પડતર પ્રશ્નો મુદ્દે કરવામાં આવી છે. તેમ છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે આંગણવાડી બહેનોના પ્રશ્નોનો કાયમી ઉકેલ આવે તે માટે બહેનોએ આજે મહિલા અને બાળ કમિશનરને આવેદનપત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.



સેકટર-૧૧માં રામકથા મેદાનની સાઈડમાં ગટર ઉભરાઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં ગંદુ પાણી ઉભરાઈ રહ્યું છે. જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે.

## ગાંધીનગર શહેર વસાહત મહા મંડળ દ્વારા શ્રમિકોને ધાબળા વિતરણ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં વંચિતોની સંખ્યા સવિશેષ છે. વિકાસની કામગીરીમાં કરતા શ્રમિક ભાઈ-બહેનો બહાર ખુલ્લામાં કડકડતી ઠંડીમાં પડી રહે છે. ત્યારે શહેરમાં હાડ થીજાવતી ઠંડીમાં શ્રમિકોને હુંફ પુરી પાડવાની કામગીરી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. શહેરના સેકટર-૧૯ જીમખાના અને ગાર્ડન આસપાસના વિસ્તારમાં વિકાસ કામ કરતા શ્રમિકોને ૧૭૦ ધાબળા પહોંચાડી હુંફ પુરી પાડવાનુ કામ હરેન્દ્રસિંહ, અશોક ભાટીયા, મેનેજર સેકટર-૧૯ જીમખાના, તેમજ ઉલ્લાસભાઈ વોરા, સેકટર-૧૯ ઈન્કવાયરી કચેરીના કર્મયોગીઓ તેમજ ધીરુભાઈ સહિતના સેવાભાવી દ્વારા કરાયું હતું. આ કામમાં શશીકાંત મોઢા, અરૂણ બુચ, મુકેશ શુકલ અને પ્રદિપ સોલંકીએ કર્યું હતું અને પરંપરાગત રીતે કામ કરતા વસાહત મહામંડળ તેમજ અરુણોદય સેવા ટ્રસ્ટની પ્રણાલીનું જતન કરાયું હતું. આ સેવા સેતુમાં યોગદાન આપનારનો રૂણ સ્વીકાર કરાયો હતો.

# સ્ક્રેપ થયેલા વાહનનો જુનો નંબર રાખી શકાશે

### સ્ક્રેપ કે વેચાણે આપેલા વાહનોના નંબર રીટેન્શન કરવા ફ્રી ચુકવવી પડશે

ગાંધીનગર, તા. ૧૦

રાજયના નાગરિકોને તેમની પસંદગીનો નંબર હવે પુનઃ મળી શકે એ માટે રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. વાહન ચાલકો હવે વાહનનો જુનો નંબર રીટેન કરી શકશે એ માટે વાહન સ્ક્રેપ થાય કે અન્યને વેચે તો પણ એ જ નંબર વાહન ચાલકોને ફાળવવામા આવશે તેમ વાહન વ્યવહાર મંત્રી પૂર્ણેશ મોદીએ આજે જણાવ્યું હતું.

મંત્રી મોદીએ ઉમેર્યુ કે વાહન માલિકો તેઓની અલગ-અલગ પ્રકારની વ્યક્તિગત, ધાર્મિક, સામાજીક કે ન્યુમરોલોજી વગેરે માન્યતાના આધારે તેઓના વાહન માટે ચોક્કસ નોંધણી નંબર મેળવવાનો આગ્રહ રાખતા હોય છે. વાહન માલિકોની તેઓના નંબર સાથે જોડાયેલ લાગણી-માન્યતાને કારણે જુના વાહનોના નંબર રીટેન રાખવાનો આગ્રહ રાખતા હોય છે એને ધ્યાને લઈને આ નિર્ણય કરાયો છે. આ ઉપરાંત વાહન વ્યવહાર દ્વારા અરજદારોની રજુઆતો ધ્યાને લઈ દિલ્હી, ઉત્તરપ્રદેશ તથા પશ્ચિમ બંગાળની જેમ ગુજરાતમાં પણ વ્હીકલ નંબર રીટેન્શનની પોલીસીને અમલમાં મુકવાનો આ નિર્ણય કરાયો છે આ પોલીસીમાં વાહન માલીક બે વખત તેઓના વાહન નંબર રીટેન્શન કરી શકશે.

વાહન માલિક જ્યારે વાહનની તબદીલીની અરજી કરે તે સમયે તે વાહનનો નંબર રીટેન કરી વાહન માલિક દ્વારા ખરીદાયેલા નવા વાહનોને જે તે રીટેન કરેલ નંબર ફાળવવામાં આવશે અને માલિકી તબદીલ થયેલ વાહનને અન્ય નવો નંબર ફાળવવામાં આવશે. તબદિલ થયેલ વાહનને અન્ય નંબર ફાળવવામાં આવશે. વાહન સ્ક્રેપ થતું હોય તે સમયે વાહન માલિક દ્વારા નવા ખરીદાયેલા વાહન પર જુના વાહનનો નંબર રીટેન કરી શકાશે અને જુના સ્ક્રેપ થનાર વાહનને અન્ય નંબર ફાળવવામાં આવશે.

તેમણે ઉમેર્યુ કે વાહન માલિક પોતનો વાહન નંબર પોતાના દ્વારા ખરીદાયેલા નવા વાહનો ઉપર જ રીટેન કરી શકશે. જુના વાહન ઉપર વાહન નંબર રીટેન થઈ શકશે નહી. તેમજ જે વાહનનો નંબર રીટેન કરવાનો છે તે તથા જે વાહન પર નંબર રીટેન કરવાનો છે તે બન્ને વાહનોની માલિકી એક જ વ્યક્તિની હોવી જરૂરી છે. વધુમાં જે વાહનનો નંબર રીટેન કરવાનો છે તે વાહનની માલિકી વાહન માલિક પાસે ઓછામાં ઓછા એક વર્ષની હોવી જોઈશે અને બન્ને વાહનોના પ્રકાર સમાન હોવા જરૂરી છે.

અગાઉ સ્ક્રેપ થઈ ચૂકેલ હોય તેવા વાહનોનો નંબર રીટેન કરી શકાશે નહી. રીટેન કરવામાં આવેલ નંબરની સામે ખરીદાયેલ નવા વાહનને રીટેન કરેલ નંબર ફાળવવાની પ્રક્રિયા ૧૫ દિવસમાં પુરી કરવાની રહેશે.

વાહન નંબર રીટેન્શન માટે અગાઉ ચોઈસ નંબર માટે નિયત કરેલ ફીની જોગવાઈ મુજબ જ ટુ વ્હીલરના ગોલ્ડન નંબર માટે રૂ. ૮,૦૦૦/-, સિલ્વર નંબર માટે રૂ. ૩,૫૦૦/- અને અન્ય નંબર માટે રૂ. ૨,૦૦૦/- અને અન્ય વાહનો માટે ગોલ્ડન નંબર માટે રૂ. ૪૦,૦૦૦/-, સિલ્વર નંબર માટે રૂ. ૧૫,૦૦૦/- અને અન્ય નંબર માટે રૂ. ૮,૦૦૦/- મિનીમમ ફી ચુકવવાની રહેશે.

## પસંદગીના નંબર મેળવવા માટે ૧૭મી જાન્યુઆરીએ હરાજી

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી ખાતે વાહનોના પસંદગીના નંબરો મેળવવા ઓનલાઈન ઓકશનની પ્રક્રિયા આગામી તા.૧૭ જાન્યુઆરી-૨૦૨૨થી શરૂ થશે. ગાંધીનગર એઆરટીઓ કચેરી દ્વારા ટુ-વ્હીલર વાહનો માટે સીરીઝ GJ-18-DJ, GJ-18-DK, GJ-18-DL, GJ-18-DM, GJ-18-DN તથા એલ.એમ.વી. કારની સિરિઝ માટે GJ-18-BL, GJ-18-BM, GJ-18-BN, GJ-18-BP અને GJ-18-BQ માટે ઓકશન કરવામાં આવશે.

ઈ-ઓકશનની પ્રક્રિયામાં ઓનલાઈન અરજી તા.૧૭ જાન્યુઆરી-૨૦૨૨થી તા.૧૯ જાન્યુઆરી-૨૦૨૨ સુધી કરી શકાશે. ઈ-ઓકશનની પ્રક્રિયામાં તા.૨૦ જાન્યુઆરી-૨૦૨૨થી તા.૨૧ જાન્યુઆરી-૨૦૨૨ના રાત્રિના ૧૨-૦૦ કલાક સુધી બિડિંગ કરી શકાશે.

આ ઈ-ઓકશનમાં ભાગ લેવા ઈચ્છુક અરજદારો વધુ માહિતી વેબસાઈટ www.parivahan.gov.in પરથી મેળવી શકશે. અરજદારોએ હરાજીની બિડિંગ પ્રક્રિયા દરમિયાન વખતો-વખત રૂપિયા ૧,૦૦૦ના ગુણાંકમાં વધારો કરવાનો રહેશે. ટુ તથા ફોર વ્હીલર માટે સિલ્વર તથા ગોલ્ડન નંબર માટે અરજદારોએ જરૂરી બેઈઝ પ્રાઈસ ચુકવવાની રહેશે.

આ હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારોને બાકીના નાણાં પાંચ દિવસમાં ભરપાઈ કરવા માટે જીસ્જી કે ઈ-mailથી જાણ કરવામાં આવશે. હરાજીમાં નિષ્ફળ ગયેલા અરજદારોને નાણાંની પરત ચુકવણી અરજદારોએ જે modeથી ચુકવણું કર્યુ હશે તે જ mode થી કરવામાં આવશે તેમ પણ જણાવાયું છે.


## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

**જાહેર નિવિદા નં : ૦૮ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, મોડાસા, શંકર નિવાસ, કચ્છ કડવા પાટીદાર પટેલ સમાજ વાડી સામે, શામળાજી રોડ, મોડાસા, જી. અરવલ્લી-પીનકોડ નં. ૩૮૩૩૧૫ મો. નં. ૯૯૭૮૪૦૬૬૮૩ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી નીચે જણાવેલ કામગીરી માટે વિભાગીય કચેરી હસ્તકના જુદા જુદા પેટા વિભાગોમાં નીચે જણાવેલ કામોના ટેન્ડરમાં માગ્યા મુજબ લાયકાત ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૨૪/૧/૨૦૨૨ ને ૧૮.૦૦ કલાક સુધી છે. અને હાર્ડ કોપીમાં દસ્તાવેજ કચેરીમાં રૂબરૂમાં / પોસ્ટથી પુરા પાડવાની છેલ્લી તા. ૨૫/૧/૨૦૨૨ને ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપકોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈ પણ સુધારા વધારા સંબંધિત વેબસાઈઠ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રજ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરિયાદો માટે ટોલ ફ્રી નં. ૧૯૧૬ છે.

| અનુ | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી (૪) આઈ.ડી. નં. |
|---|---|---|
| ૧ | મોડાસા તાલુકાના ગામોમાં કાર્યરત હેન્ડ પંપોના મરામત અને નિભાવણીના કામો બાબત. | (૧) રૂ. ૫,૫૭,૪૯૬.૦૦ (૨) રૂ. ૫૫૮૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી.નં. ૫૦૦૦૬૭ |
| ૨ | માલપુર તાલુકાના ગામોમાં કાર્યરત હેન્ડ પંપોના મરામત અને નિભાવણીના કામો બાબત | (૧) રૂ. ૮.૦૫,૮૦૬.૦૦ (૨) રૂ. ૮૦૧૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી.નં. ૫૦૦૦૫૯ |
| ૩ | બાયડ તાલુકાના ગામોમાં કાર્યરત હેન્ડ પંપોના મરામત અને નિભાવણીના કામો બાબત | (૧) રૂ. ૭,૧૨,૮૯૦.૦૦ (૨) રૂ. ૭૧૩૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી.નં. ૫૦૦૦૪૭ |
| ૪ | ધનસુરા તાલુકાના ગામોમાં કાર્યરત હેન્ડ પંપોના મરામત અને નિભાવણીના કામો બાબત | (૧) રૂ. ૪,૩૪,૬૭૬.૦૦ (૨) રૂ. ૪૩૫૦.૦૦ (૩) રૂ. ૬૦૦.૦૦ (૪) આઈ.ડી.નં. ૫૦૦૦૫૬ |
| ૫ | ભિલોડા તાલુકાના ગામોમાં કાર્યરત હેન્ડ પંપોના મરામત અને નિભાવણીના કામો બાબત | (૧) રૂ. ૧૯,૪૭,૪૯૮.૦૦ (૨) રૂ. ૧૯૫૦૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી.નં. ૫૦૦૦૫૫ |
| ૬ | મેઘરજ તાલુકાના ગામોમાં કાર્યરત હેન્ડ પંપોના મરામત અને નિભાવણીના કામો બાબત | (૧) રૂ. ૨૦,૭૬,૧૯૨.૦૦ (૨) રૂ. ૨૦૭૭૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી.નં. ૫૦૦૦૬૩ |

નામાનિ/હિંમત/૫૦૯/૨૦૨૨